૧૦ વર્ષ પછી અમેરિકાની વર્તમાન સલામતી કોના ભોગે ?

ઝળહળતી રોશની અને બ્રોડવે શો માટે ટાઈમ્સ સ્કવેરની મુલાકાત લેતા પર્યટકોને એક અન્ય દૃશ્ય પણ જોવા મળે છે. સંભવિત બૉમ્બરો અને બંદૂકધારીઓને શોધી કાઢવા હેલ્મેટ પહેરેલા અને મશીનગનથી સજ્જ પોલીસો સબવે સ્ટેશનની સુરક્ષા કરતા પણ નજરે પડે છે.

૨૦૦૧ના ૯/૧૧ના હુમલાનાં દસ વર્ષ બાદ અમેરિકાએ સ્વતંત્રતા અને સલામતી વચ્ચેની સમતુલા અંગે સાવધાની રાખીને ખુલ્લા અને મુક્ત સમાજને વધુ જાગૃત સમાજમાં ફેરવી દીધો છે અને એનાં પરિણામોની અવગણના કરી શકાય નહિ. દેશમાં ૯/૧૧ બાદ કોઈ આતંકવાદી હુમલો થયો નથી, પરંતુ આવી સુરક્ષા માટે શેનો ભોગ લેવાયો છે ? સિવિલ લિબર્ટીઝને એવો અંદેશો છે કે, હવે ચોકસાઈ અને સાવધાનીનો આ યુગ કાયમી થઈ જશે. અમેરિકાએ ઇરાક અને અફઘાનિસ્તાનમાં યુદ્ધ માટે ૧.૩ પરાર્ધ અમેરિકન ડૉલર ખર્ચવા ઉપરાંત સુરક્ષા પાછળ ૪૦૦ અબજ ડૉલરનો ખર્ચ કર્યો છે, એમ બ્રાઉન યુનિવર્સિટીની વૉટ્સન ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઇન્ટરનેશનલ સ્ટડીઝના રિસર્ચ પ્રોજેક્ટ 'કૉસ્ટ્સ ઑફ વૉર'માં જણાવવામાં આવ્યું છે. ૯/૧૧ના હુમલા બાદ અમેરિકાએ વિદેશી ખતરાની બાબતમાં બે વિવાદાસ્પદ આચરણોનો આસરો લીધો છે. વિદેશમાં પકડાયેલા વિદેશી શકમંદોની તપાસ અને અટકાયત માટે ત્રીજા દેશમાં તેમનું ગેરકાયદે સ્થળાંતર અને આવા શકમંદોને કબ્જામાની અમેરિકી લશ્કરી છાવણીમાં જેલની સજા કરવાનો બે વિવાદાસ્પદ પગલાં અમેરિકાએ લીધાં છે. 'દસ વર્ષ પછી પણ જો આપણે કટોકટીની મનોદશામાં રહીએ તો હવે આપણે કોણ છીએ, એવો સવાલ ઊભો થશે. આ રાબેતા મુજબની જિંદગી તો નથી જ' એમ અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયનના પ્રમુખ સુસાન હર્મને જણાવ્યું હતું. 'જો કોઈ તબક્કે તમે પ્રક્રિયા ન બદલો તો તમને દમનકારી અવસ્થામાં પહોંચી ગયા હોવાનો અનુભવ થશે.'

'મને એમ લાગે છે કે, સુરક્ષાનાં આ તમામ પગલાં વાજબી છે' એમ હોમલેન્ડ સિક્યોરિટી પર લોકપ્રતિનિધિઓની સમિતિના ચેરમૅન અને ન્યુ યૉર્કના રિપબ્લિકન કૉંગ્રેસી પીટર કિંગે જણાવ્યું હતું. પેટ્રીઓટિક ઍક્ટ, વિમાની મથકોમાં ચેકિંગ, બંદરો પર સુરક્ષાનો બંદોબસ્ત વગેરે બાબતો લોકોને બળી મરતાં જોવા કરતાં અને ૧૦૬ માળના મકાન પરથી નીચે ફંગોળાતા જોવા કરતાં વધુ સારી છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સિક્યોરિટી ઉદ્યોગનો વિકાસ

૯/૧૧ના હુમલા બાદ સિક્યોરિટી ઉદ્યોગોમાં ભારે તેજી જોવા મળી છે અને ઍરપોર્ટ સ્ક્રીનિંગ મશીનો બનાવતી ઓએસઆઈ સિસ્ટમ્સ જેવી કંપનીઓને ઘણો ફાયદો થયો છે. ઓએસઆઈની વાર્ષિક આવક જે ૧૧ કરોડ ૧૦ લાખ ડૉલરથી વધીને ૨૦૦૮માં ૬૨ કરોડ ૩૦ લાખ ડૉલર જેટલી થઈ ગઈ હતી.

એલ-થ્રી કૉમ્યુનિકેશન્સ, હોલિંગ્સ્વર્થ, વેસ્ટ્રન્ટ સિસ્ટમ્સ, ફ્લીર સિસ્ટમ્સ ઍન્ડ એન્જિનિયરિંગ જેવી કંપનીઓનો પણ નાટ્યાત્મક વિકાસ થયો છે. 'વિમાનીમથકોમાં જે ઉતારૂઓનું ચેકિંગ થાય છે તે સહન કરી શકાય એવું હોય છે. જો મને મારાં પગરખાં કાઢવાં અને વિમાનને ઉડાવી મૂકવાના ખતરા વચ્ચે પસંદગી કરવાની હોય તો હું ચોક્કસપણે મારાં પગરખાં કાઢવાનું પસદ કરીશ' એમ પીટર કિંગે વધુમાં જણાવ્યું હતું. પ્રાઇવસી (ખાનગીપણા) પરનો આ હુમલો મુસ્લિમો અને પશ્ચિમ એશિયાના લોકોને વધુ કહે છે. તેમની તરફ બેદભાવ રાખવામાં આવે છે અને તેઓ ઘણી વાર સિક્યોરિટી નેટમાં પકડાઈ જાય છે. ૯/૧૧/૨૦૦૨ કરતાં હાલ પરિસ્થિતિ વધુ બદતર છે અને આગામી પાંચ-સાત વર્ષમાં પરિસ્થિતિ વધુ બદલાય એવી કોઈ શક્યતા નથી' એમ કાઉન્સિલ ઑફ અમેરિકન ઇસ્લામિક રિલેશન્સની મિશિગન બ્રાંચના વડા દાવૂદ વાલીદે જણાવ્યું હતું.

ભારતમાં આતંક ફેલાવવા કટિબદ્ધ 'હુજી'

દિલ્હી હાઈ કોર્ટ વિસ્ફોટની જવાબદારી હુજી સંગઠનની છે તે સાબિત થઈ ચુક્યું છે. આ સંગઠન ભારત પરના અન્ય આતંકવાદી હુમલાઓમાં પણ સંડોવાયેલું છે.

ઈલ્યાસ કાશ્મીરી-પાકિસ્તાનના, હુજીના સિનિયરમોસ્ટ કમાન્ડરોમાંના એકનું નામ પણ ડેવિડ હેડલીના માર્ગદર્શકોમાં લેવાય છે. લશ્કર-એ-તોયબા અને આઈએસઆઈની હુમલાની સંયુક્ત યોજના અને ભારત પરના અન્ય હુમલાની ચર્ચા બંનેએ કરી હતી.

હેડલી કેસથી સાબિત થાય છે કે ૨૦૦૮ના મુંબઈ હુમલામાં હુજી સંડોવાયેલું હતું. ભારતમાં આતંકવાદ ફેલાવવાના પાકિસ્તાનના પ્રયત્નોમાં હુજી ચાવીરૂપ સ્થાને છે. હુજીના સિનિયરમોસ્ટ કમાન્ડરોમાંના એક ઈલ્યાસ કાશ્મીરી પાકિસ્તાનના બીજા મુખ્ય આતંકવાદી સંગઠન અલ કાયદાની ૩૧૩ નંબરની બ્રિગેડના નેતા પણ છે. ૨૦૧૦ની કોમનવેલ્થ રમતો દરમિયાન થયેલા આતંકવાદી હુમલા સહિત ભારતમાં બનેલા આતંકવાદના બનાવોમાં આ બંને સંગઠનો સક્રિય હતાં. ડેવિડ કોલેમન હેડલી અમેરિકન ટેરર ઑપરેટિવના માર્ગદર્શક હતા અને ૨૬/૧૧ના મુંબઈ હુમલા સહિત અનેક આતંકવાદી હુમલાઓ માટે તેની સાથે વિચાર-વિમર્શ કરતા હતા. આ હુમલાઓ લશ્કર-એ-તોયબા અને આઈએસઆઈ દ્વારા સંયુક્તરૂપે યોજનાબદ્ધ રીતે કરાયા હતા. આ વર્ષના જૂન મહિનામાં પાકિસ્તાનના દક્ષિણે વઝિરિસ્તાનમાં અમેરિકાએ કરેલા હુમલામાં કાશ્મીરી માર્યા ગયા હોવાનું કહેવાતું હતું. હુજીના પ્રવક્તાએ પછીથી તેનાં મૃત્યુની સત્તાવાર જાહેરાત કરી હતી અને 'તેના મૃત્યાઘાત આકરા આવશે' તેવી ચેતવણી પણ આપી હતી.

હેડલીએ એનઆઈએ અને તે પહેલાં એફબીઆઈ સાથેની વાતચીત દરમિયાન કબ્યું હતું કે આઈએસઆઈ અને લશ્કરની ઉચ્ચ હસ્તીઓ સાથે કાશ્મીરીએ તેની ઓળખાણ કરાવી હતી અને ત્યાર પછી તે ભારત પરના હુમલાઓની યોજનામાં સક્રિય રીતે સામેલ થયો હતો.

૨૬/૧૧ના હુમલા પૂર્વે નિર્ધારિત સ્થળનું નિરીક્ષણ કરવા હેડલી આવ્યો હતો. મુંબઈમાં અને ભારતનાં અન્ય શહેરોમાં રહ્યો હતો. દિલ્હીમાં રાષ્ટ્રીય સુરક્ષા અકાદમી અને શિવસેનાનાં મુંબઈ હેડક્વાર્ટરો ઉપરાંત દિલ્હીના ચાબાડ હાઉસીસ તેના ભાવિ લક્ષ્યાંકોમાં હતા.

૨૦૦૮ના મુંબઈ હુમલા અને અન્ય હુમલાઓમાં હુજી સંડાવાયેલું છે એવું એનઆઈએના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. દિલ્હીના હાઈ કોર્ટ વિસ્ફોટમાં પણ તે જવાબદાર છે. એમ.એચ.એ. અધિકારી યુ.કે. બંસલે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે અમે ઈ-મેલની યોગ્યતા વિશે તપાસ કરીએ છીએ.

હુજી, ૧૯૮૦માં રશિયન દળોએ કરેલા અફઘાનિસ્તાન પરના આક્રમણની પરિસ્થિતિની પેદાશ છે. કારી સૈફુલ્લાહ અખ્તર અને તેમના બે સાથીઓ મૌલાના ઈર્શાદ અહમદ અને મૌલાના અબ્દુર સમદ સિયાલ, પાકિસ્તાનના થોડા યુવાન વિદ્યાર્થીઓ વગેરેએ ભેગા થઈ આ જૂથની સ્થાપના કરી હતી. અફઘાનિસ્તાન યુદ્ધ સમાપ્ત થયા પછી આ સંગઠન નવેસરથી રચાયું અને તેનું નામ જમિયત અન્સારૂલ અફઘાનિયનમાંથી હરકત-ઉલ-જિહાદી ઇસ્લામી 'હુજી' પડ્યું. ત્યાર પછી જમ્મુ અને કાશ્મીરમાં તેણે આતંકવાદી પ્રવૃત્તિ આદરી. હુજી દેવબંદી સ્કૂલ પ્રેરિત વિચારો અને સિદ્ધાંતો દ્વારા ઇસ્લામી શાસન સ્થાપવા માટે લડે છે. તેનો સાદો અર્થ એ કે તેનું ધ્યેય કાશ્મીરને ભારત પાસેથી ખૂંચવી લઈ પાકિસ્તાનમાં ભેળવી દેવાનું છે.

આતંકવાદ

ભારતની સ્થિતિ હતા ત્યાં ને ત્યાં જેવી

સી. રાજમોહન

ભારત પર આતંકવાદી હુમલાનું ષડ્યંત્ર ઘડનારાઓ તથા આવા હુમલા કરનારાને માત કરવાની ક્ષમતા ૯/૧૧ના આતંકવાદી હુમલાના એક દાયકા પછી પણ પૂરતાં પ્રમાણમાં નથી દિલ્હીએ હજુ મેળવી નથી તે બાબતનો દુખદ રહેસ્ય દિલ્હી હાઈ કોર્ટમાં બુધવારે થયેલા બૉમ્બધડાકાએ આપ્યો છે. ૯/૧૧ પહેલાં આંતરરાષ્ટ્રીય આતંકવાદનો સૌથી વધુ ભોગ બનનારા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. ૯/૧૧ પછી એક દાયકા સુધી પરિસ્થિતિ આવી રહે તેવી શક્યતા છે.

દેશમાં છેલ્લા એક દાયકામાં ટૂંક સમયની શાંતિના થોડાક તબક્કાને બાદ કરતાં ક્ષેણીબંધ આતંકવાદી હુમલા થયા છે. આ હુમલામાં ૨૦૦૧ની ૧૩મી ડિસેમ્બરે સંસદભવન પરનો હુમલો, ૨૦૦૫ના ઑક્ટોબરમાં દિલ્હીની સરોજિનીનગર માર્કેટ પરનો હુમલો, ૨૦૦૬ના જુલાઈમાં મુંબઈની લોકલ ટ્રેનોમાં કરાયેલા બૉમ્બધડાકા, ૨૦૦૮ જુલાઈમાં કાબુલ ખાતે ભારતીય રાજદૂતાલય પરનો હુમલો તથા ૨૦૦૮ના નવેમ્બર અને ૨૦૧૧ના જુલાઈમાં એમ બે વખત ફરી મુંબઈ પર કરાયેલા હુમલાનો સમાવેશ થાય છે.

અમેરિકા અફઘાનિસ્તાનમાંથી તેનાં દળો પાછાં ખેંચવાની શરૂઆત કરી રહ્યું છે. એ દેશમાં તાલિબાનોની સ્થિતિ મજબૂત થતી જાય છે અને પાકિસ્તાનનું લશ્કર કાબુલ પરના તેના પ્રભાવને વધુ વેરો બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે તે સાથે આગામી વર્ષોમાં પરિસ્થિતિ વધુ વણસે તેવી શક્યતા છે.

એક દાયકા અગાઉ, અલ કાયદાએ ન્યુ યૉર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કર્યો તેમાં લગભગ ત્રણ હજાર લોકોનાં મોત થયાં હતાં. વૉશિંગ્ટન આ હુમલાનો જવાબ આપવાની તૈયારી કરતું હતું ત્યારે ભારતે તેને પોતાના સંપૂર્ણ ટેકાની ઑફર કરી હતી.

આ અસાધારણ ઑફરમાં અમેરિકાના આપણા પાડોશી દેશમાંના આતંકવાદ સામેના જંગ માટેનો માર્ગ મોકળો કરી આપવા માટે ત્યાં સુધી પહોંચવાની વ્યવસ્થાનો સમાવેશ પણ થતો હોવાનું કહેવાય છે. ભારતે આ ઑફર એવી આશા સાથે કરી હતી કે ૯/૧૧ના હુમલાના આઘાતને પગલે વૉશિંગ્ટન ભારતીય ઉપખંડના વ્યાપક વિસ્તારોમાં ૧૯૯૦ અને ૧૯૯૦ના દાયકામાં પાંગરેલા આંતરરાષ્ટ્રીય ત્રાસવાદને નેસ્તનાબૂદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

૯/૧૧ના હુમલા પછી તરત જ ભારતે એવી અપેક્ષા રાખી હતી કે અમેરિકનો પ્રચંડ પ્રતિસાદ તેની ૧૯૮૦ના દાયકાની ભયાનક રણનીતિ સામે વળતરરૂપ બની રહેશે. આ રણનીતિ હેઠળ વૉશિંગ્ટને અફઘાનિસ્તાનમાં તે સમયના સોવિયેત સંઘના સૈનિકો સામે આંતરરાષ્ટ્રીય જેહાદ જગાવવા પાકિસ્તાનના લશ્કરનો ઉપયોગ કર્યો હતો.

અમેરિકાની આ નીતિ પાકિસ્તાનના રાજકારણમાં ઇસ્લામના પ્રસાર માટેના જનરલ ઝિયા-ઉલ-હકના રાજકીય એજન્ડા સાથે સંકળાયેલી હતી. અમેરિકાની આ નીતિ અને ઝિયાના આ એજન્ડાને કારણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હિંસક ધાર્મિક અંતિમવાદ અને આંતરરાષ્ટ્રીય ત્રાસવાદ ફૂલ્યોફાલ્યો હતો.

આ નીતિઓનાં અપેક્ષિત અને અનપેક્ષિત પરિણામોમાં અલ-કાએદા, લશ્કર-એ-તોઇબા અને અન્ય અનેક અંતિમવાદી સંગઠનોનો સમાવેશ થાય છે. પાકિસ્તાનનાં અણુશસ્ત્રો પણ આ નીતિઓના ફળસ્વરૂપ જ છે. ૧૯૮૦માં ચીનની સહાય અને અમેરિકાનાં આંખમીંચામણાં સાથે આ શસ્ત્રો તૈયાર કરવામાં આવ્યાં હતાં.

૧૯૮૦ના દાયકાના અંતનાં વર્ષોમાં અફઘાનિસ્તાનમાંથી રશિયનોનો કાંકરો કાઢી નાખવામાં આવ્યો તે પછી અમેરિકાએ અફઘાનિસ્તાનથી પીઠ ફેરવી લીધી હતી. અફઘાનિસ્તાનમાં પોતાની વિદેશનીતિના એક માધ્યમરૂપે સફળતાપૂર્વક જેહાદનો ઉપયોગ કરનારા પાકિસ્તાની લશ્કરે એ જ તરકીબ ભારત સામે અજમાવવાનું શરૂ કર્યું હતું. અણુશસ્ત્રોની ઢાલથી સજ્જ પાકિસ્તાની લશ્કર સરકારી નીતિના એક માધ્યમ તરીકે અંતિમવાદના માર્ગને અનુસરવા હવે મુક્ત હતું.

૯/૧૧ના હુમલાના થોડાક દિવસમાં જ અમેરિકાએ નમ્રપણે ભારતની ટેકા માટેની ઑફરનો અસ્વીકાર કર્યો હતો અને ત્રાસવાદ સામેના જંગમાં મુખ્ય જોડીદાર તરીકે તેણે પાકિસ્તાની લશ્કરને પસંદ કર્યું હતું. ૯/૧૧ પછી અફઘાનિસ્તાનમાં પોતાની લશ્કરી કારવાઈ કરવા માટે અમેરિકાને પાકિસ્તાનની ભૂમિનો ઉપયોગ તથા પાકિસ્તાની લશ્કર અને આઈએસઆઈના ટેકાની જરૂર હતી અને તેથી તે પાકિસ્તાની લશ્કરને મુખ્ય જોડીદાર તરીકે પસંદ કરવાનો નિર્ણય કરે તે સમજી શકાય તેમ છે.

૯/૧૧ના હુમલા પછી ત્રાસવાદ સામેના જંગમાં અમેરિકા મુખ્ય ટેકારૂપ સાધન તરીકે પાકિસ્તાની લશ્કરને પોતાની સાથે રાખે તે સાથે અમેરિકા ભારતવિરોધી ત્રાસવાદી સંગઠનો સામે કારવાઈ કરવાનું દબાણ પાકિસ્તાની લશ્કરને કરે તે માટેની ઝાઝી કોઈ સંભાવના રહી નહોતી.

૯/૧૧ પછીના દાયકામાં અમેરિકા-ભારત વચ્ચેના સંબંધો ખરેખર વિસ્તર્યા છે, વધુ ગાઢ બન્યા છે, જે બિનલશ્કરી અણુ સમજૂતી અને નવા સંરક્ષણ સહકારમાં પ્રતિબિંબિત થાય છે. ત્રાસવાદનો સામનો કરવામાં અમેરિકા અને ભારતે તેમના સહકારને સ્થિરપણે વિસ્તાર્યો છે, પરંતુ તેઓ ૯/૧૧ પછી ભારત વિરૂદ્ધ ત્રાસવાદની ઝુંબેશ સતત ચલાવતા પાકિસ્તાની લશ્કરરૂપી અવરોધને ક્યારેય હટાવી શક્યા નથી.

અમેરિકા પાકિસ્તાનનું બળ ખન્યું તે સમાચાર ભારત માટે જેટલે અંશે ખરાબ હતા તેટલે જ અંશે પાકિસ્તાન માટે કરૂણ હતા. અનેક અમેરિકન પ્રમુખોના કાર્યકાળ દરમિયાન ફરજ બજાવનારા અને અફઘાનિસ્તાન મુદ્દે બરાક ઓબામાને સલાહ આપનારા સીઆઈએના ભૂતપૂર્વ અધિકારી બ્રુસ રીડેલે અમેરિકાની ભૂલ બાબતે તાજેતરમાં જણાવ્યું હતું કે અમારે (અમેરિકાને) પક્ષ રહીને બિન લાદેન અને તાલિબાન સામે લડવામાં પાકિસ્તાનના તે વખતના પ્રમુખ પરવેઝ મુશર્રફ પર વિશ્વાસ મૂક્યો તે વ્યૂહાત્મક નિષ્ફળતા હતી.

૯/૧૧ પછી પાકિસ્તાની લશ્કરની ભારત પ્રત્યેની વર્તણૂકમાં પરિવર્તન લાવવા માટે અમેરિકા સક્ષમ નથી, તેની ગંધ ઝડપથી પામી જનારા નવી દિલ્હીએ ત્રાસવાદને પ્રશ્ને રાવલપિંડી સાથે સીધી વાટાઘાટ કરવાનો પ્રયાસ કર્યો હતો. મુશર્રફ પાકિસ્તાનમાંના ભારતવિરોધી ત્રાસવાદનાં સ્રોતનો નાશ કરે તો કાશ્મીરનું કોકડું ઉકેલવાની તથા દ્વિપક્ષીય સંબંધો રાબેતા મુજબના કરવાની ઑફર ભારતે કરી હતી.

એક તરફ મુશર્રફ ત્રાસવાદના પ્રવાહને ક્યારેક ચાલુ રાખતા તો ક્યારેક બંધ કરતા ત્યારે બીજી તરફ નવી દિલ્હી અને રાવલપિંડીએ ૨૦૦૫-૦૭ દરમિયાન કાશ્મીરના પ્રશ્નની પતાવટ માટે એક વ્યાપક રૂપરેખા તૈયાર કરી હતી, પરંતુ જનરલ અશરફ કયાની પાકિસ્તાની લશ્કરના વડા તરીકે મુશર્રફના અનુગામી બન્યા તે સાથે નાજુક શાંતિ પ્રક્રિયાને તૂટી પડતાં ઝાઝો સમય લાગ્યો નહોતો.

વડા પ્રધાન મનમોહન સિંઘે ભલે કદાચ પાકિસ્તાન સાથે મંત્રણા ફરી પાછી શરૂ કરી હશે, પરંતુ ત્રાસવાદને મુદ્દે પાકિસ્તાની લશ્કર ભારતને ઝાઝો સંતોષ આપે તે વિશે નવી દિલ્હીમાં ઘોડીક અપેક્ષા છે. પાકિસ્તાનની સરકારમાંના તથા સરકાર બહારના મુસ્લી નેતાઓનો ઉદ્દેશ સારો છે, પરંતુ લશ્કર અથવા તો આઈએસઆઈ પર તેમનો કોઈ અંકુશ નથી.

૯/૧૧ પછી લગભગ ૨૦ અબજ ડૉલરની સહાય પછી પણ અમેરિકા ત્રાસવાદ સામેના જંગમાં પાકિસ્તાની લશ્કરનો ટેકો મેળવી શકવું ન હોય અથવા તો તાજેતરનાં વર્ષોમાં ડ્રોન (માનવરહિત વિમાન)ના સતત હુમલા દ્વારા તે પાકિસ્તાનને ધાકમાં રાખવું હોય તો ભારત આતંકવાદના પાકિસ્તાન તરફના ત્રાસવાદના જોખમને ટાળી શકશે તે વિશેની આશા ઘણી ઘોડી છે.

આ પરિસ્થિતિ આપણને ફરી પાછા હતા ત્યાં ને ત્યાં અથવા તો હતા તેથી પણ વધુ ખરાબ સ્થિતિમાં મૂકે છે. ભારતવિરોધી આતંકવાદને ટેકો આપવામાંની પાકિસ્તાની લશ્કરની ગણતરી બદલવા ભારતે છેલ્લા એક દાયકામાં અજમાવી હતી તેથી તદ્દન અલગ પુક્તિ-પ્રયુક્તિઓ આગામી વર્ષોમાં તૈયાર કરવી પડશે. આ યુક્તિ પ્રયુક્તિ ભારતની અફઘાનિસ્તાનમાંની ભારતની રાજકીય ભૂમિકાનું વિસ્તરણ તથા પાકિસ્તાનમાંનાં આંતરિક પરિવર્તનોને પ્રોત્સાહન આપવાની બાબતોને સામેલ કરવી જોઈએ.

(સાભાર : 'ધી ઇન્ડિયન એક્સ્પ્રેસ')

(ગેસ્ટ બ્લૉગ)

રવિવાર ની એક સવાર ! ચોદ વર્ષ બાદ મેં મુલાકાત લીધી એ ભૂમિની જ્યાં મેં મારા બાળપણનાં કિંમતી વર્ષો વિતાવ્યાં હતાં ! ખેડા જિલ્લાનું ધુવારણ એટલે મારા માટે તો મારી સુખદુર બચપણની યાદોનું એક પાવરહાઉસ ! અહીં આવેલા ગેસ્ટ હાઉસ પાસેના બગીચાનો એ જ બાંકડો કે જે વર્ષો સુધી અમારી ઘણી બધી યાદોનો જાણે જીવંત સાક્ષી બની ગયો હતો ! કદેક જીવંત કે નિર્જીવ પદાર્થનાં જીવનમાં એક સમય આવે કે જ્યારે તેની રોનક અને જાહોજલાલી ચરમસીમા પર હોય ! આવા જ "Golden Period"ને એક જમાનામાં નિહાળનાર એ બાંકડો, એ દિવસે જાણે થોડામાં ઘણું બધું કહી ગયો !

આ બ્લૉગ સાથે પ્રથમ વાર આ રચનાને આપની સમક્ષ રજૂ કરું છું ! ચાલતા ચાલતા આજ સવારે મળ્યો હું એક બાંકડા ને, પાસ જઈને હળવેથી મેં કર્યો એક સવાલ 'કેમ ભાઈ ! પડી તુજને મારી ઓળખાણ ?'

આંખ ઉઘાડી, મુખ સંવારી, વર્ષોથી એ મૂક બનેલો ! મને એમ કે હમણાં મુજને કરશે એક સવાલ 'ઓળખાણ આપશો શ્રીમાન ??'



'બ્લૉગને ઝરૂખેથી...'

વિકાસ ઘનશ્યામ નાયક

email : vikas.nayak@gmail.com

http://blognezarookhethee.blogspot.com

ત્યાં તો અહીં બન્યું જ તદ્દન વિપરીત !

વૃદ્ધ છતાં પણ મક્કમ સાદે આપ્યો એક જવાબ :

બેટા ! તને તારી ખુદની પણ ઓળખ ન હતી,

તે દિનથી તુજને હું ઓળખું,

આજ મોટો થઈ તું પૂછે મુજને કે

પડી મારી ઓળખાણ ?

ચાલતા પણ તુ અહીં જ શીખ્યો તો ને,

બે પૈડાં પર અહીં જ ફરતો તો !

રમતો હોય કે હોય ઉજાણી

રાતદિન તુ અહીં જ ખીલ્યો તો !

મિત્રો સાથેની મહેફિલોના પડાવ હજુ પણ ગૂંજે !

આ જ ખુશીને કાળે, મારી એક થપાટ !

મિત્રો છીનવ્યા, સ્વજનો છીનવ્યા, છીનવી મારી રોનક !

આજે તો હું સાવ અટૂલો, મહી કિનારે, મુખ નમાવી,

વજ્રાઘનમાં બેઠો !

'કુરી મળીશું' એમ કહીને મેં વિદાય લીધી ત્યાંથી !!

એની યાદો ?? એની લાગણી ?? એની વેદના ??

શું હતું એ કંઈ જ ન સમજાયું !

જે પણ કંઈ હતું, એ સંવેદના નો....

ચિર સ્મરણીય અનુવાદ ભીનો લાગ્યો ! - જગત નિરુપમ અવાશિયા

સિલિકોન વૅલીના 'શ્રીમયકૃષ્ણ ધામ'માં પુષ્ટિમાર્ગીય અષ્ટસખા કીર્તનકારોનું સંગીતમય જીવનદર્શન

મિલપિટાસ, તા. ૧૦ લગભગ અઢી દાયકાથી સિલિકોન વેલીના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયી યુવા પેઢીમાં પારિવારિક સંસ્કાર વારસો જાળવણીના અભિયાનમાં પ્રવૃત્ત 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બે-વીપી' દ્વારા ત્રણ વર્ષ પહેલાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી નંદાલય 'શ્રીમયકૃષ્ણ ધામ'નું નિર્માણ થયું છે. સાનહોઝેથી સાનફ્રાન્સિસ્કો અને સાતાકુઝથી સાક્રામેન્ટો સુધીના દરેક વિસ્તારમાં વસતાં વલ્લભી વૈષ્ણવોના હાર્દિક લગાવે સેંકડો માઈલની મુસાફરી કરીને નિયમિત અહીં આવે છે. આ વર્ષે 'બે-વીપી'ના ઉપક્રમે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયીઓ માટે 'અષ્ટ સખા સરવાણી ગાયણું આયોજન કરવામાં આવ્યું હતું. 'બે-વીપી'ના ઉપપ્રમુખ સૌમિલભાઈ બંસીલાલ શાહના સંચાલનમાં સંગીતાબહેન દિલીપભાઈ શાહના સંયોજન હેઠળ સતત આઠ દિવસીય વ્યાખ્યાનમાળાની વ્યાસપીઠ પર કામવન-વાઘોડિયા/વડોદરાના વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી હરિરાયજી મહોદય હતા. તેમના સાંનિધ્યમાં અમેરિકાના જાણીતા કીર્તનકાર રસેશભાઈ અને સાક્રામેન્ટોનિવાસી કીર્તનકાર રણછોડભાઈ પંડ્યા જૂથે સ્વર-સંગીતમય કાર્યક્રમ પીરસ્યો હતો. યુવા આચાર્યવરણ શ્રીહરિરાયજીએ વ્યાસપીઠ પરથી ભારપૂર્વક વક્તવ્ય આપતાં કબ્યું હતું કે શ્રીમદ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં શરણાગતિના માર્ગને સુદૃઢ કરતાં સર્વ ધર્માણી પરિત્યજ્યે, મામેકમ શરણમ વ્રજનો મહિમા ગાયો છે. શ્રીનાથદ્વારામાં શ્રીનાથજી મંદિરમાં કાર્યરત શ્રીકૃષ્ણ ભંડારમાં અધિકારજી બિરાજે છે. એ બેઠક શ્રીગુંસાઈજીના અષ્ટછાપ સેવક શ્રીકૃષ્ણદાસ અધિકારીજીની સ્મૃતિમાં સ્થાપિત છે.

'અષ્ટ સખા રસવાણી' વ્યાખ્યાનમાળાની અંતિમ ગૂંથવા પૂર્વે 'બે-વીપી' સંચાલિત ગુજરાતી, હિન્દી તથા સંસ્કૃત વર્ગો 'શ્રીમય વિદ્યા મંદિર એસવીએમના સંચાલકો ડૉ. દિવ્યાંગભાઈ પટેલ, સંગીતાબહેન શાહ, દમયંતીબહેન મહેતા તથા અન્ય શિક્ષકોની હાજરીમાં બાળ વિદ્યાર્થીઓ સાથે જ્ઞાનગોષ્ટી દરમિયાન પૂ.પા.ગો. ૧૦૮ શ્રી હરિરાયજીએ બાળકોને જીવનમાં કર્મના સિદ્ધાંતો સાથે બની શકે ત્યાં સુધી દ્વેતને મતદગાર બની રહેવાની શીખામણ આપી હતી. સંચાલન ઉપપ્રમુખ સૌમિલભાઈ બંસીલાલ શાહે કર્યું હતું. સંસ્થાના સ્વયંસેવક દળોના ટ્રસ્ટી રવિભાઈ દેસાઈ છે.

'બે-વીપી'ના વલ્લભી વૈષ્ણવો સાથે વાર્તાલાપ કરતા પૂ.પા.ગો. ૧૦૮ શ્રી હરિરાયજી મહોદય